# વિશ્વ વન દિવસે ૬૫ વિદ્યાર્થીઓનું વન ભ્રમણ

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર દેશમાં તા. ૨૧મી માર્ચના રોજ વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વમાં સતત ઘટી રહેલ વૃક્ષોની સંખ્યા પર્યાવરણ માટે ખતરારૂપ બની રહી છે ત્યારે જંગલોના રક્ષણ અંગે માનવજાતે વિચારવાનો સમય પાકી ગયો છે. જેના ભાગરૂપે વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવે છે.



ગુજરાત કાઉન્સિલઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે આ દિવસની ઉજવણી માટે વી.પી.એમ.પી. પોલીટેકનીકના એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ માટે સેરેનીટી લાયબ્રેરી એન્ડ બોટનીકલ ગાર્ડન પ્લાન્ટ ખાતે વન ભ્રમણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ વનની વિવિધ ઔષધીય વનસ્પતિઓને ઓળખે, તથા જંગલ પ્રત્યે સંવેદનશીલ બને તે હેતુથી આ વનભ્રમણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સેરેનીટી બોટનીકલ ગાર્ડનના કોઓર્ડીનેટર નરેન્દ્રભાઈ બંકોલાએ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની ઔષધીય વનસ્પતિઓની માહિતી આપી હતી.

આ ઔષધીની વિવિધ પ્રકારના રોગો માટેની જરૂરીયાત વિશે સમજ આપી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના પતંગીયાની જાતો, વિવિધ પક્ષીઓ પણ દેખાડ્યા હતા. વિદ્યાર્થીઓ માટે જંગલ અંગેની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ દેખાડવામાં આવી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જંગલની અગત્યતા તથા પર્યાવરણ માટે જંગલોની જરૂરિયાત વિશે રસપ્રદ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં પોલીટેકનીકના ૬૫ વિદ્યાર્થીઓ તથા ૫ જેટલા પ્રોફેસર જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગના શિવાંગ પટેલ, વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પાણીના કરકસરયુકત-વિવેકપૂર્ણ ઉપયોગ માટે સંકલ્પબદ્ધ બનીએ : વિજય રૂપાણી

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાણીના કરકસરયુકત અને વિવેકપૂર્ણ ઉપયોગનું આહવાન કરતાં રીડયુસ, રિચાર્જ, રિયુઝ, રિસાયકલ એમ ચાર સંકલ્પો સાથે પ્રોગ્રેસીવ સ્ટેટ નિર્માણની નેમ વ્યકત કરી છે. 'વિશ્વ જળ દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણીનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીએ જળ સંરક્ષણ અભિયાન તહેત શૌચાલયોમાં પાણીનો વ્યય ઘટાડવા માટેની ડયૂઅલ ફલશ મિકેનિઝમ કેમ્પેઈનનો આરંભ કરાવ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ આ અવસરે ૧૫૦ જેટલી ગ્રામીણ પાણી સમિતિઓને નિભાવણી અને મરામત અનુદાન પેટે રૂા. ૧ કરોડ ૧૬ લાખની પુરસ્કાર રાશિ અને ૧૦૦ ટકા મહિલા સંચાલિત પાણી સમિતિઓને મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના અન્વયે રૂા. ૧૪ લાખ ૫૦ હજારના પુરસ્કારો એનાયત કર્યા હતા. વિજયભાઈ રૂપાણીએ પાણી બચાવો તો જીવન બચશે નો કોલ આપતાં કહ્યું કે, વિશ્વમાં જે પાણી હાલ ઉપલબ્ધ છે તેમાં ૭૦ ટકા તો દરિયાનું ખારૂં પાણી છે. ચોખ્ખુ અને પીવાલાયક પાણી મર્યાદિત છે. એટલું જ નહિ, પાણી કોઈ પ્રોસેસથી કે લેબોરેટરીમાં ઉત્પન્ન થઈ શકવાનું નથી જ.

આ સંદર્ભમાં તેમણે પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ, વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના સરકારના પ્રયાસોમાં જનસહયોગની આવશ્યકતા સમજાવી હતી. તેમણે ગુજરાત જેવા પાણીની અછતવાળા રાજ્યમાં પાણીના રિલાયેબલ સોર્સીસ ઊભા કરવા સાથે તેના યોગ્ય વિતરણ માટે પણ હિમાયત કરી હતી.

# આવતીકાલથી સે-૪ ઓમકારેશ્વર મંદિરે લીમડાંના મ્હોરના રસનું વિતરણ

ચૈત્ર માસના પ્રારંભ સાથે જ શહેરના સ્વાસ્થ્ય પ્રેમી નગરિકો દ્વારા લીમડાના તાજા, કુણાં પાન અને લીમડાના મ્હોરના રસનું સેવન કરવાનું ચાલુ કરી દેવાયું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાત દ્વારા નાગરિકો માટે લીમડાના પાન તથા મ્હોરના રસનું નિઃશુલ્ક વિતરણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિતરણ સેવા તા. ૨૪ થી ૨૬મી માર્ચ દરમિયાન ત્રણ દિવસ માટે સવારે ૭ થી ૮ કલાક દરમિયાન સેકટર-૪માં ઓમકારેશ્વર મંદિર પાસે કરવામાં આવશે. આ સેવાકાર્યનો લાભ લેવા નાગરિકોને પાયલબેન મેણાત દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

'શોખ બડી ચીજ હૈ'

# ગાંધીનગર શેહરના યુવાને એવરેસ્ટ બેઝ કેમ્પ સર કર્યો

ગાંધીનગર, તા. ૨૨

'શોખ બડી ચીજ હૈ' જીવનમાં કોઈપણ કઠીન કાર્યને પૂર્ણ કરવા મનમાં જો ઈચ્છા શક્તિ અને દૃઢ સંકલ્પ હોય તો એ કઠીન કાર્ય પૂર્ણ થતા આનંદની અનેરી અનુભૂતિ થાય છે. 'શોખ બડી ચીજ હૈ' પંક્તિને સાચા અર્થમાં ગાંધીનગરના રહિશ ૪૪ વર્ષીય આશુતોષ ભારતીએ સાર્થક બનાવી છે. માત્ર એક શોખની ખાતર આશુતોષ ભારતી અતિ કઠીન ગણાતી એવરેસ્ટ બેઝ કેમ્પની ટ્રેકિંગ પૂર્ણ કરી પરત આવ્યા હતા.



જીવનમાં શોખ પૂર્ણ કરવા કોઈપણ વ્યક્તિ કોઈપણ હદ સુધી જાય છે. અને જ્યાં સુધી એ શોખ પૂર્ણ ના થાય તેના માટે સતત મથામણ કરતો રહે છે. બસ આવો જ એવરેસ્ટ ટ્રેકિંગનો અલગ શોખ ધરાવતા ગાંધીનગરના સેક્ટર-૨૮ પ્લોટ નં. ૩૭૭/૨માં રહેતા અને પ્રોપર્ટી કન્સલટન્સી સાથે સંકળાયેલા ૪૪ વર્ષીય આશુતોષ ભારતીએ નાનપણથી જ ટ્રેકિંગની પ્રવૃત્તિમાં ઉત્સાહ દાખવતા હતા. પોતાના રસના વિષયને પોતાના શોખમાં બદલી નાખી તેમને અનેક બરફીલા પર્વતો પર ટ્રેકિંગની શરૂઆત કરી હતી. ધીમે ધીમે હિમાલયના તુંગનાથ કૈલાસ માનસરોવર અને કેદારનાથ પર ટ્રેકિંગની પ્રવૃત્તિ પૂર્ણ કરી ચૂક્યા છે.



સતત ટ્રેકિંગમાં સફળ થનાર આશુતોષ ભારતીએ એવરેસ્ટ બેઝ કેમ્પ જવાની મનમાં મજબુત ગાંઠ વાળી દિધી હતી.

મનમાં બાંધેલી આ ઈચ્છાને પૂર્ણ કરવા તેઓએ સાત માસ અગાઉ દરરોજ ૯ કિમી વોકીંગ અને જોગીંગની તૈયારીઓ શરૂ કરી હતી. લાંબા સમયની ટ્રેનિંગ અને તૈયારી પૂર્ણ કરી ગાંધીનગરથી ૩ માર્ચના રોજ એવરેસ્ટ બેઝ કેમ્પ જવા રવાના થયા હતા.



૪ માર્ચથી કાઠમંડુથી કોકસ એન્ડ કિંગ્સ એજન્સી સાથે ટ્રેકિંગ શરૂ કર્યુ હતુ અને દરરોજ ૯ થી ૧૦ કિમી ચાલતા હતા. અનેક કઠીન પરિસ્થિતિમાં સતત ૭ દિવસની બરફના પહાડ પર ટ્રેકિંગ કરી જમીનથી ૫૩૬૪ મીટર ઉપર એવરેસ્ટ પર્વતના બેઝીક ગણાતા બેઝ કેમ્પ પહોંચ્યા હતા અને ૪ દિવસની યાત્રા કરી પરત કાઠમંડુ આવ્યા હતા. ને ૧૮મીએ પરત ગાંધીનગર આવ્યા હતા.

### માઈનસ ૧૭ તાપમાનમાં મોબાઈલ અને કેમેરાના સેન્સર બંધ થઈ ગયા

આશુતોષ ભારતી ૭ દિવસની કઠીન ટ્રેકિંગ કરી ૫૩૬૪ મીટરની ઉંચાઈ પર બેઝ કેમ્પ પહોંચીને ફોટો પાડવા ગયા હતા પરંતુ માઈનસ ૧૭ તાપમાનમાં મોબાઈલ અને કેમેરાના સેન્સર અચાનક જ બંધ થઈ ગયા હતા. પરિણામે તેઓ કેમેરામાં કુદરતના આ સૌંદર્યને કેદ ના કરી શક્યા તેમને તેનું ખુબ અફસોસ થયુ હતુ.

### ૩૦૦માં એક પાણીની બોટલ ખરીદી

એવરેસ્ટ બેઝ કેમ્પના ટ્રેકિંગ દરમિયાન આશુતોષ ભારતીએ રૂ. ૩૦૦માં એક પાણીની બોટલ ખરીદી હતી. યાત્રા દરમિયાન બે ગુજરાતી વ્યક્તિ પણ આશુતોષભાઈને મળ્યા હતા.

### અંતિમ ૬૦૦ મીટરની ચઢાઈ કઠીન હતી

એવરેસ્ટ બેઝ કેમ્પની અંતિમ ૬૦૦ મીટરની યાત્રા ખુબ જ ખતરનાક જે પાર કરવા અનેક મુશ્કેલીઓનો સમાનો કરવો પડે છે અને ઉંચાઈ પર પહોંચતા ઓક્સીજન ઓછુ થવા લાગે છે. માથુ ખુબ ભારે થઈ જતુ હતુ.

# રાજ્યમાં આયુર્વેદ કોલેજોમાં ત્રણસો બેઠકોને મંજૂરી

ગાંધીનગર, તા. ૨૨

આજે વિધાનસભા ગૃહમાં અસારવાના ધારાસભ્ય પ્રદીપભાઈ પરમારના લેખિત પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલ રાજ્યમાં કુલ પાંચ આયુર્વેદ કોલેજો કાર્યરત છે. આ કોલેજોમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેન્દ્રના આયુષ વિભાગ દ્વારા કુલ ત્રણસો બેઠક મંજુર કરવામાં આવી છે. જેમાં અમદાવાદની અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરાની સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગરની સરકારી આયુર્વેદ કોલેજ, જૂનાગઢની સરકારી આયુર્વેદ કોલેજ તથા ગાંધીનગરમાં કોલવડા સ્થિત સરકારી આયુર્વેદ કોલેજનો સમાવેશ થાય છે. આ તમામ કોલેજોમાં ૬૦-૬૦ બેઠકો મળી કુલ ૩૦૦ બેઠકો મંજૂર કરવામાં આવી છે. તેમ નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ.



જય અંબે યુવક મિત્ર મંડળ અંબાજી પગપાળા યાત્રા સંઘ પ્રસ્થાન

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ખાતેના જય અંબે યુવક મિત્ર મંડળના ચૈત્ર સુદ પૂનમે અંબાજી પગપાળા યાત્રા સંઘ છેલ્લા ૩૨ વર્ષથી અવિરત યોજવામાં આવે છે. આ પગપાળા સંઘમાં શહેરના ત્રણ એડવોકેટ જોડાયાને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે ત્રણેય એડવોકેટ દ્વારા તેમની પદયાત્રા વર્ષની રજત-જયંતિ ધામધુમથી ઉજવવાનું નક્કી કર્યું છે. ગાંધીનગરના જાણીતા એડવોકેટ જગદીશસિંહ મનુભા વાઘેલા, હિતેશ એન. રાવલ અને પ્રદિપસિંહ પૃથ્વીસિંહ વાઘેલાને કોલવડાના જય અંબે યુવક મિત્ર મંડળ દ્વારા દર ચૈત્રી પૂનમે ચાલતા અંબાજી યાત્રા સંઘના જોડાયાનુ રજત-જયંતિ વર્ષ છે. જેમાં ગત તા. ૧૮ના રોજ માતાજીની ભવ્ય શોભાયાત્રા અને આનંદના ગરબાનું આયોજન કરાયું હતુ. આ પ્રસંગે તા. ૨૨ માર્ચના રોજ કોલવડા ગામ ખાતે નરેન્દ્રસિંહ ચૌહાણના હસ્તે માતાજીના રથનું પ્રસ્થાન થયું હતું.

# વિધાનસભાના અધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ થયો

ગાંધીનગર,તા. ૨૨

ગુજરાત વિધાનસભામાં આજે ગૃહના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સામે વિપક્ષ કોંગ્રેસ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી, જેને ૪૦ જેટલા ધારાસભ્યોએ પૂરો ટેકો જાહેર કર્યો હતો. વિધાનસભાના નિયમ-૧૦૩ મુજબ, નોટિસ અપાયાના ૧૪ દિવસ બાદના સાત દિવસમાં અવિશ્વાસ પ્રસ્તાવને ગૃહમાં રજૂ કરવી પડે અને અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ થયાના એક સપ્તાહમાં તેની પર ચર્ચા વિધાનસભા ગૃહમાં હાથ ધરાય. બીજીબાજુ, અવિશ્વાસના પ્રસ્તાવ પર ચર્ચા હાથ ના ધરાય તે માટે શાસક પક્ષ ભાજપ દ્વારા બંને પક્ષે બેઠકો અને મંત્રણાનો દોર આરંભાયો છે. વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા અવિશ્વાસના પ્રસ્તાવ પર જો આગામી સાત દિવસમાં ચર્ચા હાથ ધરાય તો તે એક ઈતિહાસ બનશે. કારણ કે, વિધાનસભાના ઈતિહાસમાં અત્યાર સુધી કુલ ૧૭ વખત વિધાનસભા ગૃહમાં અધ્યક્ષ વિરૂધ્ધ પ્રસ્તાવ રજૂ થઈ ચૂકયા છે પરંતુ હજુ સુધી એક પણ વખત આવી અવિશ્વાસની દરખાસ્ત કે પ્રસ્તાવ પર ચર્ચા હાથ ધરી શકાઈ નથી અને તેથી જ શાસક પક્ષ ભાજપ પણ વિપક્ષની અવિશ્વાસના પ્રસ્તાવ પર ચર્ચા હાથ ના ધરાય તેવું ઈચ્છી રહી છે, તો બીજીબાજુ, વિપક્ષ કોંગ્રેસ તેના ત્રણ ધારાસભ્યોને ગૃહમાંથી ત્રણ વર્ષ અને એક વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે, તેમાં સસ્પેન્શનનો સમય ઓછો કરવા અથવા તો રદ કરવા સુધીની માંગણી ઉચ્ચારી રહ્યું છે. વિપક્ષ કોંગ્રેસના ઉપનેતા શૈલેષ પરમારે આજે ગૃહમાં અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે, વિધાનસભાના નિયમમાં કયાંય એવો ઉલ્લેખ નથી કે, કોઈ ધારાસભ્યને એક વર્ષ કે ત્રણ વર્ષ માટે ગૃહની બહાર રાખી શકાય. ધારાસભ્ય એ પ્રજા દ્વારા ચૂંટાયેલ લોકપ્રતિનિધિ છે., જેથી તેને વિધાનસભામાંથી બહાર રાખી શકાય નહી. વિધાનસભા અધ્યક્ષ દ્વારા કઈ જોગવાઈ અને કયા નિયમો હેઠળ કોંગ્રેસના ધારાસભ્યો પ્રતાપ દુધાત અને અમરીષ ડેરને બે વર્ષ માટે અને બળદેવ ઠાકોરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તે સ્પષ્ટ કરે.

# વલાદ કાલી-કલાધામમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે આઠમે મહાઆરતી અને નોમે હવન

વલાદ, તા.૨૨

અમદાવાદને અડીને આવેલા હિંમતનગર હાઈવે પરના ગાંધીનગર જિલ્લાના વલાદ ગામે આવેલા "કાલિ-કલાધામ"ના પ્રખ્યાત ધાર્મિક સ્થાન આવેલું છે. જ્યાં ચૈત્રિ તથા આસો માસની નવરાત્રિ ભારે ધામધૂમથી ગાદીના મહંત શ્રી અનિલકુમાર સરજુદાસજીના નિશ્રામાં ઉજવાય છે.

કાલિ - કલાધામ ખાતે પ.પૂ. ૧૦૦૮શ્રી કલાજી રાઠોડની ગાદી વર્ષોથી ભરાય છે. પ.પૂ. કલાજી મહારાજની ગાદી સારાંય ભારતમાં બે હજાર ઉપરાંત સ્થાનોએ એકી સાથે રવિવારના રોજ ભરાય છે. જ્યારે માત્ર ગુજરાતમાં વલાદ ખાતે જ દર પખવાડિયે મંગળવારે ભરાય છે. જેનો લાભ હજારો શ્રધ્ધાળુઓ લે છે.

તાજેતરમાં ૧૮માર્ચથી શરૂ થતી ચૈત્ર માસની નવરાત્રિ અહીં ભારે ધામધૂમથી ઉજવાઈ રહી છે, જેમાં તા.૨૫મી માર્ચના રોજ આઠમે રાત્રે ૧૨ વાગે મહાઆરતી યોજાશે. જ્યારે તા.૨૬મી માર્ચના રોજ નોમના દિવસે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. પૂર્ણાહુતિ સાંજે ૫ વાગે શ્રીફળ હોમીને કરવામાં આવશે.

આ ચૈત્ર માસની નવરાત્રિમાં પ.પૂ.શ્રી કલાજી મહારાજની ગાદી નવે - નવ દિવસ ભરાય છે. આ દિવસોમાં કલાજીમહારાજનો ભાવિક ભક્ત સમુદાય ગુજરાત - સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર- રાજસ્થાન, મધ્યપ્રદેશ - દિલ્હીથી અહીં આવી ભારે ઉમંગભેર દર્શનનો લાભ લે છે.

અહીં કાલીકા મા ના રથની પ્રતિમા તેમજ હનુમાનજીની પૂરા કદની વિશાળકાય પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર છે, જ્યારે ભોળા શિવ શંકરના મંદિરના દર્શનથી લોકો પ્રભાવિત થાય છે.

# માણસા ખાતો તમાકુ નિયંત્રણ અમલીકરણ માટેનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

નગરપાલિકા માણસા ખાતે માણસા તાલુકાના તમામ સરપંચો તથા તલાટીઓ માટે તમાકુ નિયંત્રણ અમલીકરણ અંગેના વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં આશરે ૧૨૦ જેટલા સરપંચો તથા તલાટીઓ ઉપસ્થિત રહેલ હતા.



વર્કશોપમાં ડો. યોગીતા તુલશ્યાન, જિલ્લા સર્વેલન્સ અધિકારી, ડો. કુલભુષણ પટેલ, મેડિકલ ઓફિસર, આજોલ તેમજ ડો. હિતેષ જહા, મેડિકલ ઓફિસર, પ્રા. આ. કેન્દ્ર-વરસોડા દ્વારા ટોબેકો અને કલોરીનેશન અંતર્ગત જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવેલ. ૩ સરપંચ જે તમાકુનું સેવન કરતા હતા તેઓને તમાકુ છોડવા માટેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવેલ તેમજ તમામ સરપંચોને તેમનું ગામ તમાકુ મુક્ત કરવાની પણ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવેલ હતી.




ઈસનપુર મોટા ખાતે નન્હી પરી અવતરણ પુરસ્કાર યોજનાનો શુભારંભ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે બેટી વધાવો-બેટી પઢાવો અંતર્ગત ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે ૩૦૦ જેટલી આશાવર્કરોનું સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ત્રિવેદી અને ડૉ. પટેલે બેટી વધાવો ઝુંબેશ વધુ વેગવંત બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે આ હોસ્પિટલમાં તા. ૮-૩-૨૦૧૮ થી ૮-૩-૨૦૧૯ ૧ વર્ષ સુધીમાં જન્મેલ નન્હી પર અવતરણ દિકરીને રૂ. ૫ હજારના ફિક્સ બોન્ડ પુરસ્કાર રૂપે યોજનાનો લાભ આપવામાં આવશે તેમજ આ સાથે ડિલિવરી ફ્રી સેવા યોજનાનો શુભારંભનો અમલીકરણ થશે. તેવુ હોસ્પિટલના ટ્રસ્ટી રામચંદ્રભાઈ પટેલ તથા રમેશભાઈ પટેલે જણાવ્યુ હતુ.

# સમસ્ત બ્રહ્મ પરિવાર (ટ્રસ્ટ) દ્વારા દ્વિતિય સિંગીંગ કોમ્પીટીશનની ફાઈનલ ૨૪મીએ યોજાશે

સમસ્ત બ્રહ્મ પરિવાર (ટ્રસ્ટ) અમદાવાદ દ્વારા ૨૪ માર્ચ ૨૦૧૮ના રોજ સાંજે ૭.૩૦ કલાકે શહેરમાં આવેલા ઈવેન્ટ સેન્ટર, રિવરફ્રન્ટ ખાતે બ્રહ્મ સમાજની દ્વિતીય સિંગીંગ કોમ્પીટીશનની ફાઈનલ યોજાનાર છે. ફાઈનલમાં કુલ ૨૪ બ્રાહ્મણ સ્પર્ધકો ભાગ લેશે.

સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટી મનીષભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા સંગીતક્ષેત્રે છુપાયેલી બ્રહ્મ પ્રતિભાઓને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી સિંગીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેની ફાઈનલ ૨૪ માર્ચ ૨૦૧૮ના રોજ યોજાશે. જેમાં ગુજરાતના જાણીતા કલાકારો જજ તરીકે આ કાર્યક્રમમાં હાજર રહેશે અને ફાઈનલમાં પ્રવેશેલા ૨૪ સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ વિજેતા ઘોષિત કરી તેમને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટી જાગૃતિબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજીત બ્રહ્મ સમાજની દ્વિતીય સિંગીંગ કોમ્પીટીશનમાં કુલ ૨૦૧ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાંથી કુલ ૫૧ સ્પર્ધકો સેમીફાઈનલમાં પહોંચ્યા હતા. પ્રકાશ સ્કૂલના ઓડિટોરિયમ ખાતે યોજાયેલી સેમી ફાઈનલમાંથી કુલ ૨૪ સ્પર્ધકો ફાઈનલમાં પહોંચ્યા હતા. જેઓ કુંતલ મહેતાના ઓર્કેસ્ટ્રાની સાથે ૨૪મી માર્ચે ફાઈનલ પરફોર્મન્સ કરી સ્પર્ધામાં વિજયી બનવા એડીચોટીનું જોર લગાવશે.

સમસ્ત ગુજરાત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ આયોજિત દ્વિતીય સિંગીંગ કોમ્પીટીશનના કાર્યક્રમના અધ્યક્ષ તરીકે નિખિલભાઈ ભટ્ટ - જોઈન્ટ સેક્રેટરી, ગૃહ વિભાગ, પ.પૂ. ભાગવત ઋષિજી, પ.પૂ. ગૌભક્ત ચૈતન્ય શંભુ મહારાજ ઉપાધ્યક્ષ-ગૌ સેવા અને ગોચર વિકાસ બોર્ડ, ગુજરાત, કાર્યકારી પ્રમુખ સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પંકજભાઈ ભટ્ટ-હિન્દી-ગુજરાતી ફિલ્મના સંગીતકાર તથા ચેરમેન ગુ.રા. સંગીત નાટ્ય એકેડમી તેમજ અતિથી વિશેષ તરીકે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી અને બ્રહ્મ વિકાસ આયોગના કન્વીનર યજ્ઞેશભાઈ દવે, ભરત રાવલ-ઉપપ્રમુખ, શૈલેષ શુકલ-પ્રમુખ બ્રહ્મકર્મ સમન્વય સમિતિ અને સમસ્ત ગુજરાતના બ્રહ્મ સમાજના અગ્રણીઓ હાજર રહેશે.


## પેથાપુર નગરપાલિકા

### ટેન્ડર શોર્ટ નોટીસ

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં PMKKKY યોજના હેઠળ DMF ફંડની ગ્રાન્ટ અંતર્ગત નીચે જણાવેલ જરૂરી માલસામાનની ખરીદી સારૂ તા. ૨૭/૩/૨૦૧૮ સુધીમાં સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. / રૂબરૂથી ભાવો મંગાવાવમાં આવે છે.

| અ.નં. | વિગત | ભાવ |
|---|---|---|
| 1 | Computer - Core I3 Processor, Hard Disk-1, TB, RAM-4 GB, 19.5 Inch Display, Mouse, Keyboard | |
| 2. | Printer : Multi Function, Inkjet Printer Colour / Black & White | |
| 3. | LED TV 32" | |
| 4. | LED TV 40" | |
| 5. | Mike System with 4 nos of Speaker | |

ઉપરોક્ત જણાવેલ ભાવો માલસામાન તથા સ્થળ પર ઈન્સ્ટોલેશન તેમજ તમામ પ્રકારના કર (ટેક્સ) સહિત આપવાના રહેશે. કવર ઉપર જે તે કામની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. કોઈપણ કારણ આપ્યા સિવાય ભાવો મંજુર કે ના મંજુર કરવાના અધિકાર નગરપાલિકાના રહેશે.

સહી/- (હિતેન્દ્ર પી. વાલેરા) મુખ્ય અધિકારી
સહી/- (રણજીતસિંહ આર. વાઘેલા) પ્રમુખ
સહી/- (શકુબેન આઈ. ઠાકોર) ઉપપ્રમુખ
સહી/- (મનિષભાઈ બી. પટેલ) ચેરમેન કારોબારી સમિતિ

પેથાપુર નગરપાલિકા, તા.જી. ગાંધીનગર
(અમારો સંકલ્પ સ્વચ્છ પેથાપુર)

માહિતી/૩૦૨૭/૧૭-૧૮